# <u>આંબાના મધિયાનું સંકલિત નિયંત્રણ</u>

**ઓળખ :** આ જીવાત આંબામાં સૌથી વધારે નુકસાન કરતી જીવાત છે. આ જીવાતના પુખ્ત ફાચર આકારના અને આછા રાખોડી રંગના હોય છે. આ કીટકના માથા પર ઘાટ્ટા રંગના ત્રણ ટપકાં અને વચ્ચેનાં ભાગમાં પટ્ટો આવેલ હોય છે. પરંતુ સમય જતાં લીલા અને પછીની ભૂરા રંગના બને છે અને ઝડપથી ત્રાસા ચાલવાની ટેવવાળા હોય છે.

**નુકસાન :** પુખ્ત કીટક અને બચ્ચાં કુમળા પાન અને મોરમાંથી રસ ચુસીને નુકસાન કરે છે. જેને લીધે ફૂલ ચિમળાઈ જઈને ખરી પડે છે. આ ઉપરાંત કીટકના શરીરમાંથી ઝરતો ચીકણો મધ જેવો પદાર્થ ઝાડનાં જુદા જુદા ભાગો પર પડે છે. જેના પર ફૂગ વિકાસ પામે છે, જે ઝાડની પ્રકાશ સંશ્લેષણની ક્રિયામાં અવરોધ કરે છે. આ કીટકો આખા વર્ષ દરમ્યાન ઓછા વધતા પ્રમાણમાં વાડીમાં જોવા મળે છે. પરંતુ ફૂલ (મોર) આવે ત્યારે અને નવી ફૂટ વખતે (ઓકટોબરથી એપ્રિલ–મે) તેનો ઉપદ્રવ વધી જાય છે. બાકીના સમયમાં આ કીટકો થડના પોલાણમાં કે છાલમાં સંતાઈ રહે છે.

**નિયંત્રણ :** આ જીવાતના નિયંત્રણ માટે નીચેના ઉપાયો ધ્યાનમાં રાખવા જોઈએ.

૧. મોટા ઝાડમાં જરૂર જણાય તો છાંટણી કરવી.

૨. પુખ્ત કીટકો નવી ફૂટ પહેલાં ઝાડના થડ અને ડાળીમાં સુષુપ્ત અવસ્થામાં ભરાઈ રહેતાં હોવાથી તેના પર ઓકટોબર માસમાં કાર્બારીલ ૫૦ ટકા વેટેબલ પાવડર ૪૦ ગ્રામ અથવા કવીનાલફોસ ૨૫ટકા ઈ.સી. ૨૦ મિ.લિ. ટકા દવા પૈકી કોઈપણ એક દવા ૧૦ લિટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો.

૩. નવી કૂંપણ અને મોર આવવાની શરૂઆત થાય ત્યારે એક પુષ્પ વિન્યાસ દીઠ મધિયાના બચ્ચાંની સંખ્યા ત્રણ કે ચારની થાય કે તૂરત જ આંબાના ઝાડ પર કાર્બારીલ ૫૦ ટકા વે.પા. ૪૦ ગ્રામ અથવા કવીનાલફોસ ૨૫ટકા ઈ.સી. ૨૦ મિ.લિ. અથવા મોનોક્રોટોફોસ ૩૬ ટકા એસએલ ૧૦ મિ.લિ. અથવા ઈમીડાકલોપ્રીડ ૧૭.૮ ટકા એસએલ ૨.૮ મિ.લિ. દવા પૈકી કોઈપણ એક દવા ૧૦ લિટર પાણીમાં દ્રાવણ બનાવી છંટકાવ કરવાથી આ જીવાતનું અસરકારક નિયંત્રણ મળે છે.

૪. જો આ જીવાતનો ઉપદ્રવ ખૂબ જ વધી ગયેલ હોય તો સિન્થેટીક પાયરેથ્રોઈડ પ્રકારની દવાઓ ભલામણ કરેલ સાંદ્રતા મુજબ એક થી બે વખત ઉપયોગ કરી શકાય. પરંતુ જો વધુ સાંદ્રતાવાળા દ્રાવણનો ઉપયોગ કરવામાં આવે તો ફળ બેસવા ઉપર માઠી અસર થાય છે. આ માટે સાયપરમેથ્રીન ૧૦ ટકા ઈ.સી. ૫.૪ અથવા ડેલ્ટામેથ્રીન ૨.૮ ટકા ઈ.સી. ૩ મિ.લિ.૧૦ લિટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો.

૫. નવી દવાઓ પોલીટ્રીન સી ૪૪ ટકા ઈ.સી. ૧૦ મિ.લિ. અથવા ફેનોબ્યુકાર્બ ૫૦ ટકા ઈ.સી. ૧૦ મિ.લિ. ૧૦ લિટર પાણીમાં મિશ્રણ કરી જીવાતનો ઉપદ્રવ શરૂ થયે ૧૫ દિવસના અંતરે બે છંટકાવ કરવાથી આ જીવાતનું અસરકારક નિયંત્રણ મળે છે તથા ફળોનું ઉત્પાદન વધે છે. વધુમા મધમાખીની સંખ્યા દિવસના ૧૦ થી ૪ વાગ્યા દરમ્યાન વિશેષ પ્રમાણમાં જોવા મળતી હોય તો આ સમય દરમ્યાન છંટકાવ નિવારવો.

૬. આ જીવાતના જૈવિક નિયંત્રણ માટે *બીવેરીયા બાસીયાના* અથવા *વર્ટીસીલીયમ લેકાની* જૈવિક દવા ૧૦ લીટર પાણીમાં ૪૦ ગ્રામ ભેળવી છંટકાવ કરવો.